# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 20-Nov-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

---

1) ગયાના અને બાર્બાડોઝ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પોતાનાં દેશનાં સર્વોચ્ચ સન્માનથી નવાજશે
2) પ્રધાનમંત્રી આજે ગયાનાના પ્રમુખ ડોક્ટર મોહમ્મદ ઇરફાન અલી સાથે મંત્રણા કરશે
3) દિલ્હી સરકારનો સરકારી કચેરીઓમાં વર્ક ફ્રોમ હોમનો નિર્ણયઃ 50 ટકા કર્મચારીઓ ઘરેથી કામ કરશે
4) કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે ભારતનું અર્થતંત્ર 30 અબજ ડોલરના ઉદ્યોગ તરીકે ઉભરી આવ્યું છે
5) આજે ગોવામાં 55મો ભારત આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ ભવ્ય ઉદઘાટન સમારોહ સાથે શરૂ થશે
6) હોકીમાં, આજે બિહારના રાજગીરમાં મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ભારતનો ચીન સાથે મુકાબલો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# *PM GUYANA VISIT AND AWARDS*-1

ગયાના અને બાર્બાડોસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમનાં દેશનાં સર્વોચ્ચ સન્માન એનાયત કરવાની જાહેરાત કરી છે. ગયાના સરકાર પ્રધાનમંત્રીને સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર "ધ ઓર્ડર ઓફ એક્સેલન્સ" એનાયત કરશે, જ્યારે બાર્બાડોસ શ્રી મોદીને પ્રતિષ્ઠિત ઓનરરી ઓર્ડર ઓફ ફ્રીડમ ઓફ બાર્બાડોસથી પણ સન્માનિત કરશે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા ડોમિનિકાએ શ્રી મોદીને તેના સૌથી પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય એવોર્ડ ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનરથી સન્માનિત કરવાની જાહેરાત કરી હતી.

દરમિયાન, પ્રધાનમંત્રી આજે સવારે ત્રણ દિવસની મુલાકાતે ગયાના પહોંચ્યા હતા. ગયાનાના રાષ્ટ્રપતિએ કેબિનેટ મંત્રીઓ સાથે એરપોર્ટ પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કર્યું હતું. પ્રધાનમંત્રી આજે સાંજે જ્યોર્જટાઉનમાં ગયાનાના રાષ્ટ્રપતિ ડો. મોહમ્મદ ઈરફાન અલી સાથે વાતચીત કરશે. વાટાઘાટો બાદ ઘણા કરારો પર હસ્તાક્ષર થવાની આશા છે.

પ્રધાનમંત્રી મોદી આજે બીજી CARICOM-ભારત સમિટમાં પણ ભાગ લેશે. શ્રી મોદી CARICOM એટલે કે કેરેબિયન કોમ્યુનિટી એન્ડ કોમન માર્કેટના 20 વિકાસશીલ સભ્ય દેશોના નેતાઓ સાથે આ ક્ષેત્ર સાથેની ભારતની લાંબા ગાળાની મિત્રતાને વધુ આગળ વધારવા માટે બેઠકો કરશે. આવતીકાલે પ્રધાનમંત્રી ગયાનાની સંસદને સંબોધન કરશે. તેઓ ભારતીય પ્રવાસીઓની સભાને પણ સંબોધિત કરશે.

## *JHARKHAND AND MAHARASHTRA ELECTION*

ઝારખંડ અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે સવારે સાત વાગ્યે મતદાન શરૂ થયું છે. પ્રથમ ચાર કલાકમાં મહારાષ્ટ્રમાં 18.14 ટકા અને ઝારખંડમાં 31.37 ટકા મતદાન થયું છે. મહારાષ્ટ્રની તમામ 288 બેઠકો માટે એક જ તબક્કામાં ચૂંટણી યોજાઈ રહી છે. મતદાન સાંજે 6 વાગ્યે સમાપ્ત થશે. ચૂંટણીમાં કુલ ચાર હજાર એકસો ૩૬ ઉમેદવારો મેદાનમાં છે જેમાં બે હજાર ૮૬ અપક્ષ ઉમેદવારોનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોક્કલિંગમે કહ્યું કે રાજ્યમાં લગભગ પાંચ લાખ ચૂંટણી કાર્યકરો એક લાખ ચારસો ૨૭ મતદાન મથકોની વ્યવસ્થાનું ધ્યાન રાખશે.

ઝારખંડમાં 38 બેઠકો પર બીજા અને અંતિમ તબક્કા માટેનું મતદાન ચાલી રહ્યું છે. કેટલાક સંવેદનશીલ મતદાન મથકો પર, મતદાન માત્ર 4 વાગ્યે સમાપ્ત થશે. આ તબક્કામાં પાંચસો ૨૮ ઉમેદવારો મેદાનમાં છે.

આ ઉપરાંત મહારાષ્ટ્રના નાંદેડ સંસદીય ક્ષેત્ર અને પંજાબ, ઉત્તર પ્રદેશ, કેરળ અને ઉત્તરાખંડની કુલ ૧૫ વિધાનસભા બેઠકો માટે પણ આજે પેટાચૂંટણી યોજાઈ રહી છે. તમામ રાજ્યોની મતગણતરી આ શનિવારે થશે.

ઝારખંડમાં આજે જે ખાસ ઉમેદવારોના રાજકીય ભાવિનો નિર્ણય થશે તેમાં - મુખ્ય મંત્રી હેમંત સોરેન, પ્રમુખ રવીન્દ્ર નાથ મહતો, ભાજપ રાજ્ય શાખાના પ્રમુખ બાબુલાલ મરાંડી, વિપક્ષના નેતા અમરનાથ કુમાર બૌરીનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ લોકોને મતદાન કરવા અપીલ કરી છે.

## *PUNJAB-BY-POLL*

પંજાબની ચાર વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી માટે સવારથી શાંતિપૂર્ણ રીતે મતદાન ચાલી રહ્યું છે. બરનાલા, શ્રી મુક્તસર સાહિબમાં ગિદ્દરબાહા, ગુરદાસપુરમાં

ડેરા બાબા નાનક અને હોશિયારપુરમાં પેટા ચૂંટણી ચાલી રહી છે.. લગભગ 7 લાખ મતદારો તેમના મતાઅધિકારનો ઉપયોગ કરી રહ્યા છે.

પંજાબના મુખ્ય ચૂંટણી કાર્યાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, સવારે 11.00 વાગ્યા સુધી મતદાનની ટકાવારી 20.76 ટકા નોંધાઈ હતી.

ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તમામ 831 મતદાન મથકો પર 100% લાઇવ વેબકાસ્ટિંગ સાથે સીસીટીવી કેમેરા દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે, મતદાન સાંજે 6.00 વાગ્યે સમાપ્ત થશે. 23 નવેમ્બરે મતગણતરી થશે.

જ્યારે ઉત્તરાખંડમાં કેદારનાથ વિધાનસભા બેઠક માટે મતદાન શાંતિપૂર્ણ રીતે ચાલી રહ્યું છે, અત્યાર સુધીમાં 17.69 ટકા મતદાન નોંધાયું છે. આ મતવિસ્તારમાં કુલ 90,875 નોંધાયેલા મતદારો ચૂંટણી લડી રહેલા છ ઉમેદવારો આ ચૂંટણી દ્વારા રાજકીય ભવિષ્ય નક્કી થશે.

## *DELHI WORK FROM HOME*

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સતત પ્રદૂષિત હવાને કારણે તમામ પ્રકારના નિયંત્રણો અમલમાં છે. હવે દિલ્હી સરકારે સરકારી ઓફિસોમાં વર્ક ફ્રોમ હોમનો નિર્ણય લીધો છે.

દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે આજે ટ્વિટર પર લખ્યું કે, પ્રદૂષણ ઘટાડવા માટે દિલ્હી સરકારે સરકારી ઓફિસોમાં વર્ક ફ્રોમ હોમનો નિર્ણય લીધો છે. 50 ટકા કર્મચારીઓ ઘરેથી કામ કરશે. અગાઉ મંગળવારે ગોપાલ રાયે કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવને પત્ર લખીને દિલ્હીમાં ભારે પ્રદૂષણની સમસ્યા ડામવા કૃત્રિમ વરસાદ માટેની મંજૂરી માગી હતી.

આજે સવારે દિલ્હીના અનેક વિસ્તારોમાં હવા ગુણવત્તા સૂચકાંક – એક્યુઆઈ 450ને પાર થયો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## ASHWINI VAISHNAV ARTICLE

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે જણાવ્યું હતું કે ભારતનું અર્થતંત્ર 30 અબજ ડોલરના ઉદ્યોગ તરીકે ઉભરી આવ્યું છે, જે GDPમાં લગભગ 2.5 ટકા યોગદાન આપે છે અને આઠ ટકા કર્મચારીઓને આજીવિકા પૂરી પાડે છે. અંગ્રેજી અને હિન્દી દૈનિકોમાં લખેલા એક લેખમાં, શ્રી વૈષ્ણવે જણાવ્યુ હતું કે વિશ્વ ઓડિયો-વિઝ્યુઅલ અને એન્ટરટેઈનમેન્ટ સમિટ એ દેશને સામગ્રી નિર્માણ અને નવીનતામાં વૈશ્વિક પાવરહાઉસ તરીકે સ્થાન આપવા માટે એક સીમાચિહ્નરૂપ પહેલ છે.

આજે સાંજે ગોવામાં શરૂ થનારા ભારતના 55મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ વિશે વાત કરતા મંત્રીએ કહ્યું કે આગામી આઠ દિવસમાં, આ કાર્યક્રમમાં સેંકડો ફિલ્મોનું પ્રદર્શન કરવામાં આવશે. તેમજ ઉદ્યોગના દિગ્ગજ કલાકારો સાથે માસ્ટરક્લાસનું આયોજન કરાશે તેમણે ઉમેર્યું હતું કે વૈશ્વિક અને ભારતીય સિનેમેટિક શ્રેષ્ઠતાનું આ સંકલન ભારતના અર્થતંત્રને નવીનતા, રોજગાર અને સાંસ્કૃતિક મુત્સદ્દીગીરીના પાવરહાઉસ તરીકે દર્શાવે છે.

## IFFI

55મો ભારત આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ આજે ગોવામાં ભવ્ય ઉદઘાટન સમારોહ સાથે શરૂ થઈ રહ્યો છે. જે આ મહિનાની 28 તારીખ સુધી ચાલુ રહેશે. ગોવાના મુખ્યમંત્રી ડૉ. પ્રમોદ સાવંતે ગઈ કાલે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી સ્ટેડિયમની મુલાકાત લીધી હતી અને તૈયારીઓની સમીક્ષા કરી હતી. આકાશવાણી સાથે વાત કરતા તેમણે કહ્યું કે ઉદ્ઘાટન સમારોહની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

આકાશવાણી સાથે વાત કરતા માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ કહ્યું કે આ વર્ષે ફિલ્મ મહોત્સવમાં ઘણી નવી પહેલ કરવામાં આવી છે અને તે યુવા ફિલ્મ નિર્માતાઓને સમર્પિત છે. તેમણે કહ્યું કે 100 યુવા પ્રતિભાઓ ક્રિએટીવ માઇન્ડ ઓફ ટુમોરો પ્લેટફોર્મ પર તેમની સર્જનાત્મક ક્ષમતાઓ રજૂ કરશે. આ વર્ષે એકસો દેશોની ચારસોથી વધુ ફિલ્મો મહોત્સવમાં બતાવવામાં આવશે.

## *HOCKEY-FINAL*

હોકીમાં, ભારતનો આજે બિહારના રાજગીરમાં મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ચીન સાથે મુકાબલો છે. યજમાન ટીમે ગઈ કાલે સેમિફાઇનલમાં જાપાનને 2-0થી હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ભારત માટે, નવનીત કૌરે 48મી મિનિટે પેનલ્ટી સ્ટ્રોકને ગોલમાં ફેરવ્યો, જ્યારે લાલરેમસિયામીએ 56મી મિનિટે ફિલ્ડ પ્લેમાંથી સ્ટ્રોક કર્યો.

ભારતે ગ્રુપ સ્ટેજની તમામ મેચો જીતીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

ગઈ કાલે પ્રથમ સેમિફાઇનલમાં, ચીને તે જ સ્થળે મલેશિયાને 3-1થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. આ જીત સાથે, ચીને છ રમતોમાંથી પાંચ જીત મેળવી, જ્યારે મલેશિયાને 2 જીત અને 4 હાર મળી છે.

## *BADMINTON - CHINA MASTERS*

બેડમિન્ટનમાં ભારતની ટોચની ખેલાડી પી.વી. સિંધુએ આજે ચીનના શેનઝેનમાં ચાઇના માસ્ટર્સ 2024 ટુર્નામેન્ટમાં જીત સાથે તેના અભિયાનની શરૂઆત કરી છે. તેણીએ મહિલાઓની સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં મલેશિયાની બુસાનન ઓંગબામ રુંગફાનને 21-17, 21-19થી હરાવી હતી.

ભારતીય ખેલાડી લક્ષ્ય સેન આજે પુરુષોની સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં મલેશિયાના લી-જી-જિયા સામે અને મહિલા સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં ભારતની માલવિકા બંસોડ ડેનમાર્કની લાઈન હોજમાર્ક જર્સફેલ્ટ સામે ટકરાશે.

ભારતીય પુરુષ જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી પણ આજે ચાઈના માસ્ટર્સમાં ભાગ લેશે. તેનો મુકાબલો તાઈવાનની લી ઝે-હુઈ અને યાંગ પો-હવાનની જોડી સામે થશે. મહિલા ડબલ્સમાં ભારતની ટ્રેસા જોલી અને તેની જોડીદાર ગાયત્રી ગોપીચંદ આજે તાઈવાનની જોડી હુ લિંગ ફેંગ અને ઝેંગ યુ ચીહ સામે ટકરાશે.

## *SL-ADB*

એશિયન ડેવલપમેન્ટ બેંક – ADBએ શ્રીલંકાને આર્થિક રીતે મજબૂત બનાવવા માટે 200 મિલિયન ડોલરની નીતિ આધારિત લોન આપવાની મંજૂરી આપી છે. દેશની અર્થવ્યવસ્થાને સ્થિર કરવા માટે ADBના નાણાકીય સ્થિરતા અને સુધારણા કાર્યક્રમ હેઠળનો આ બીજો પેટા કાર્યક્રમ છે. એક નિવેદનમાં, ADBએ જણાવ્યું છે કે આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગરીબી નાબૂદીનો છે. આ ઉપરાંત લાંબા ગાળાની વૃદ્ધિ સ્થાપિત કરીને આર્થિક સ્થિતીને વધુ સક્ષમ બનાવવાનો છે. . બેંકે મેક્રો ઇકોનોમિક સ્થિતિને

સ્થિર કરવામાં અને તેના નાણાકીય માળખાને સુધારવામાં શ્રીલંકાની પ્રગતિની પ્રશંસા કરી હતી

## *TRUMP - HEAD OF MEDICAID*

અમેરિકાના પદનામિત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વૃધ્ધો અને જરૂરિયાતમંદો માટેનાં સરકારનાં હેલ્થકેર પ્રોગ્રામ મેડિકલ એન્ડ મેડિકેર સર્વિસિસનાં વડા તરીકે મેહમેત ઓઝની નિયુક્તિની જાહેરાત કરી છે. ફિઝિશિયન અને ટીવી પર્સનાલિટી ઓઝ સેન્ટર ફોર મેડિકેર એન્ડ મેડિકેઇડ સર્વિસિસ- CMS એડમિનિસ્ટ્રેશનનાં વડા તરીકે કાર્ય કરશે.

શ્રી ટ્રમ્પે જણાવ્યું હતું કે, ડોક્ટર ઓઝ નવનિયુક્ત હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસિસના વડા રોબર્ટ એફ કેનેડી જુનિયર સાથે કામ કરશે.